सत्यमेव जयते

**આયુષ ઓક** આઈ.એ.એસ.
કલેક્ટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ
અમરેલી.

જાવકપત્રક્રમાંક : યોજના/મેળાગાંધી/૧૯-૨૦/5960-6251

કલેક્ટર અને જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી
જીલ્લા સેવા સદન -૧
રાજમહેલ કમ્પાઉન્ડ, અમરેલી. ૩૬૫૬૦૧
મોબાઈલ નં. ૯૯૭૮ ૦૬૨૦૨
ફોન : (ઓ.) (૦૨૭૯૨) ૨૨૨૩૦૧
(ઘર) (૦૨૭૯૨) ૨૨૨૩૦૧
(ફેક્સ) (૦૨૭૯૨) ૨૨૨૭૧૦
E-Mail : collector-amr@gujarat.gov.in

તા.૧૪/૧૦/૨૦૧૯

સ્નેહી શ્રી,

આપ જાણતા જ હશો કે મહાત્મા ગાંધીજીની 150 મી જન્મ જયંતિની ઉજવણી સમગ્ર દેશમાં થઈ રહી છે. મહાત્મા ગાંધીજી સ્વચ્છતાના આગ્રહી હતા. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા પણ છેલ્લા પાંચ વર્ષથી સ્વચ્છતા પર જુદા જુદા કાર્યક્રમો દ્વારા જનતામાં જાગૃતિ લાવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે જેના પરિણામ રૂપે સમાજમાં સ્વચ્છતા પ્રત્યે સભાનતા આવી રહીં છે. હજુ પણ સ્વચ્છતા માટે વધારે પ્રયત્નો કરવાની જરૂર છે. સ્વચ્છતાથી ઘણા બધા રોગો પણ અટકી શકે છે.

વર્તમાન સમયમાં દેશ,સમાજ,સિસ્ટમની મુખ્ય સમસ્યાઓના મૂળમાં દેશના નાગરિકોની નકારાત્મક સામાજિક વર્તણુક અને નૈતિક મૂલ્યો વિપરીત કાર્ય પદ્ધતિ જવાબદાર છે.આ વિષયમાં બદલાવ લાવવા માટે "ગાંધી મૂલ્યો-ગાંધી ફિલોસોફી" થી મોટું અને ગેમચેન્જર કોઈ માધ્યમ નથી.

રોજિંદા જીવનમાં ગાંધી વિચારોનું અમલીકરણ કરવાથી મૂલ્યો આધારિત ઉત્તમ જીવનનું ઘડતર થાય છે અને ઉંચા સામાજિક મૂલ્યો વડે શ્રેષ્ઠ સમાજ અને રાષ્ટ્રનું નિર્માણ થાય છે. માનવીય વર્તણુક બદલાવ માટે પ્રેરણાત્મક વિચારો નજર સામે રહેવા જરૂરી છે.સાયકોલોજીની આ થિયરી ને ધ્યાનમાં રાખી "ગાંધી વિચારો- ગાંધી મૂલ્યો" સતત આંખ સમક્ષ રહે તે માટે **"मैं भी गाँधी"** ડીઝીટલ સ્માર્ટફોન પ્રોગ્રામ ડિઝાઇન કરવામાં આવેલ છે.

મેં ભી ગાંધી ચેલેન્જ અંતર્ગત સ્પર્ધકને ગાંધી મહાવ્રતો - ગાંધી ફિલોસોફીના મૂળ વિચારો જેવા કે સ્વચ્છતા,શિસ્ત,સત્યના પ્રયોગો,સ્વદેશી,પર્યાવરણ વિગેરે ને વિવિધ રસપ્રદ ટાસ્ક, પ્રવૃત્તિ સાથે જોડી 365 દિવસનો " મેં ભી ગાંધી " બનવાનો ટાસ્ક આપવામાં આવ્યો છે. સ્પર્ધક પ્રમાણિક રીતે પોતાના ટાસ્ક પુરા કરી 365 દિવસના અંતે " મેં ભી ગાંધી ". બનશે અને પ્રોત્સાહક ઇનામો મેળવશે..

સ્વચ્છતા, પર્યાવરણ, જળસંચય જેવા વિષયોમાં બદલાવ લાવવા માટે ગાંધી મુલ્યો-વિચારોને ધ્યાનમાં રાખી ગાંધી જ્યંતિના દિવસે www.mebhigandhi.com વેબસાઇટ લોન્ચ કરવામાં આવી છે. આ પ્રોગ્રામમાં શાળા, કોલેજના શિક્ષકો , અધ્યાપકો કે વિદ્યાર્થીઓ રજીસ્ટર થઈ શકે છે. આ કામમાં સૌ સાથે મળીને સ્વચ્છતા માટે વધુ સારું કામ કરીએ તેવી આશા રાખું છે.

આ બાબતે વધુ જાણકારી માટે શૈલીન આદ્રેજા (મો-૭૦૪૬૨૫૩૭૩૨) તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (મો-૯૯૦૯૯૭૦૨૦૩)નો સંપર્ક કરવો.

આપની કુશળતા ઇચ્છતો,

આપનો સ્નેહાધિન

આયુષ ઓક

આચાર્યશ્રી,

માધ્યમિક અને ઉ.મા. શાળાઓ/કોલેજો/આઈ.ટી.આઈ. તમામ

જિ-અમરેલી

Scanned by CamScanner

।। મા વિદ્યા યા વિમુક્તયે ।।

# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

બહુમાળી ભવન, એ વિંગ , રુમ નં-૧૦૭ થી ૧૧૧, અમરેલી
ફોન નં- (૦૨૭૯૨) ૨૨૨૯૩૬
E-Mail : amrelideo@gmail.com Website : www.deoamreli.com

सत्यमेव जयते

YEARS OF CELEBRATING THE MAHATMA

ક્રમાંક:યોજના/મેભીગાંધી/19-20/ 7001-10 તા. 28/11/2019

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉ. માધ્ય. સરકારી/ગ્રાન્ટેડ/બિનસરકારી શાળાઓ/પ્રાથમિક શાળાઓ/આઈ.ટી.આઈ./કોલેજો
તમામ,
અમરેલી જિલ્લા

વિષય : મે ભી ગાંધી પ્રોગ્રામ અંતર્ગત રજીસ્ટ્રેશન કરવા બાબત
સંદર્ભ : માન. કલેકટરશ્રીના પત્રક્રમાંક:યોજના/મેભીગાંધી/19-20/5960-6259/તા.14-10-2019

સંદર્ભિત પત્રાન્વયે જરૂરી કામગીરી કરવા આથી સૂચના આપવામાં આવેલ હતી. સદર કામગીરીમાં સક્રિય રસ લઈને www.mebhigandhi.com વેબસાઇટની મુલાકાત લઈ 100 ટકા રજીસ્ટ્રેશન થાય અને ગાંધીજીના આદર્શો સાકાર થાય તેવા પ્રયત્નો સત્વરે હાથ ધરવા આથી જણાવવામાં આવે છે.
આ બાબતે વધુ જાણકારી માટે શૈલીન આદ્રેજા (મો. 7046253732)નો સંપર્ક કરવો.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
અમરેલી

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

નકલ સવિનય રવાના:-
માન. કલેક્ટરશ્રી,
કલેક્ટર કચેરી
અમરેલી



Scanned by CamScanner